# કોઈ અદ્ભૂત માટે કંઈક આશ્ચર્યજનક કરો

## સન્માન આ લોકો માટે છે ...

- જે લોકો વાસ્તવિક પ્રભાવ પાડે છે;
- ખૂબ જ શ્રેષ્ઠ નિરંતર અને નિ:સ્વાર્થ સ્વૈચ્છિક સેવાનું ઉદાહરણ પૂરું પાડે છે;
- પોતાના સાથીદારોનો આદર મેળવે છે;
- વસ્તુઓમાં વધુ સારી રીતે પરીવર્તન લાવે છે, ખાસ કરીને ઓછા સક્ષમ લોકો માટે;
- નૈતિક હિંમત દર્શાવે છે;
- નવીનતા અથવા ઉદ્યોગસાહસિકતા નિદર્શન કરે છે; અથવા
- બ્રિટીશ જીવનમાં વિશેષતા લાવે છે અને તેની પ્રતિષ્ઠા વધારે છે.





લેરોય રોઝનીયર MBEરમતગમતમાં ભેદભાવનો સામનો કરવા માટેની સેવાઓ માટે

તમે સન્માન પ્રણાલી વિશે વધુ અહી પર માહિતી મેળવી શકો છો:

www.gov.uk/honours

ઓનર્સ અને એપોઇન્ટમેન્ટ સચિવાલયનો અહીં સંપર્ક કરો:

ઓનર્સ અને એપોઇન્ટમેન્ટ સચિવાલય
1 હોર્સ ગાર્ડ્સ રોડ, લંડન SW1A 2AQ

ઈમેઈલ: honours@cabinetoffice.gov.uk

ટેલિફોન: 020 7276 2777

HM Government

## અમારી સન્માન પ્રણાલી





**એલિઝાબેથ આટ્રે-રોબર્ટ્સ OBE**
લંડનમાં આરોગ્ય સંભાળની સેવાઓ માટે વૃદ્ધ લોકોના નર્સ નિષ્ણાત

# નામાંકન કેવી રીતે કરવું?




તે તમે વિચારો છો તેના કરતાં પણ કરતાં સરળ છે. તમે નામાંકન કેવી રીતે લખવું તે અંગેનું માર્ગદર્શન, સન્માન પ્રણાલી વિશેની માહિતી અને ઓનલાઇન નામાંકન ફોર્મ અહીં મેળવી શકો છો**www.gov.uk/honours**. તમે ટીમ સાથે સીધો સંપર્ક પણ કરી શકો છો અને અમે કાર્યપદ્ધતિ મુજબ તમારી સાથે વાત કરીશું અથવા નામાંકન ફોર્મનું કાગળ સંસ્કરણ મોકલીશું.

તમારી નામાંકનમાં, તમારા ઉમેદવારની સિદ્ધિઓમાં વિશેષ શું છે તેનું વર્ણન કરો અને તેઓની પાસે શું અસરકારકતા છે અને તેઓએ કેવી રીતે અલગ છે તે દર્શાવો. શ્રેષ્ઠ નામાંકન દર્શાવે છે કે કેવી રીતે વ્યક્તિ અવરોધોને દૂર કરી શકે છે અથવા વધુ આગળ જઈ શકે છે.

દરેક નામાંકનને તેની સાથે લઈ જવા માટે બે અથવા વધુ સમર્થિત પત્રોની જરૂર હોય છે. આ એવા લોકો દ્વારા લખવું જોઈએ જેઓ નામાંકિત વ્યક્તિને જાણતા હોય અને તેમના યોગદાનને સમર્થન આપી શકે.

# કયા પુરસ્કારો હોય છે?

સ્વતંત્ર નિષ્ણાત સન્માન સમિતિઓ નક્કી કરે છે કે ક્યા સ્તરનો પુરસ્કાર યોગ્ય છે. બ્રિટીશ સામ્રાજ્યના ક્રમમાં સ્તરો નીચે મુજબ છે:

- **બ્રિટિશ એમ્પાયર મેડલ (BEM)** - સ્થાનિક ભૌગોલિક ક્ષેત્રમાં સમુદાયની ખૂબ જ 'ક્રિયાશીલ' સેવા માટે સન્માન;
- **મેમ્બર ઓફ ધ ઓર્ડર ઓફ બ્રિટીશ એમ્પાયર (MBE)** - સમુદાય માટે ઉપલબ્ધિ અથવા સેવાને માન્યતા આપે છે જે નિરંતર પ્રભાવ દર્શાવે છે અને જે અન્ય લોકો માટે એક ઉદાહરણ બને છે;
- **ઓફિસર ઓફ ધ ઓર્ડર ઓફ બ્રિટીશ એમ્પાયર (OBE)** - એવા લોકો માટે જેમણે કોઈપણ ક્ષેત્રમાં પ્રાદેશિક અથવા કાઉન્ટી-વ્યાપક પ્રતિષ્ઠિત ભૂમિકા ભજવી છે;
- **કમાન્ડર ઓફ ધ ઓર્ડર ઓફ બ્રિટીશ એમ્પાયર (CBE)** - રાષ્ટ્રીય અથવા પ્રાદેશિક અગ્રણી ભૂમિકાને પુરસ્કાર; અને
- **ડેમ અથવા નાઈટ** - સામાન્ય રીતે એમના માટે જેમણે રાષ્ટ્રીય કક્ષાએ કોઈપણ ક્ષેત્રમાં પૂર્વ-વિશેષ યોગદાન પ્રદાન કર્યું છે.

# તે કોણ નક્કી કરે છે?

એકવાર તમે તમારું નામાંકન કરી લો, એ પછી બધી માહિતીની તપાસ કરવામાં આવે છે અને જે લોકો નામાંકિત વ્યક્તિ અથવા તેમના પ્રવૃત્તિ ક્ષેત્ર વિશે જાણતા હોય તેમના તરફથી પ્રતિસાદ મેળવવાની વિનંતી કરવામાં આવે છે.

ધ્યાનમાં લેવા માટે 10 સ્વતંત્ર નિષ્ણાત સન્માન સમિતિઓ પૈકી એક માટે પ્રશંસાપત્ર તૈયાર કરવામાં આવે છે.

આ સમિતિઓ સ્વતંત્ર નિષ્ણાતોની બનેલી હોય છે અને સમુદાય, સ્વૈચ્છિક અને જાહેર સેવાને આવરી લે છે; જેમ કે, કલા અને માધ્યમો; રમતગમત; આરોગ્ય; શિક્ષણ; વિજ્ઞાન અને ટેક્નોલૉજી; અર્થતંત્ર; અને રાજકારણ. દરેક સમિતિ નિર્ણય કરે છે કે કોણ સંપૂર્ણ યોગ્ય ઉમેદવારો છે અને પ્રશાસન સેવાઓના વડાની અધ્યક્ષતાવાળી કેન્દ્રિય સમિતિને તેમની ભલામણો સુપરત કરે છે. તે પછી તેઓ વડા પ્રધાન માટે અંતિમ સૂચિ તૈયાર કરે છે, જેણે મહારાણી ક્વિનની મંજૂરી માટે રજૂ કરે છે.

આ માટે સફળ ઉમેદવાર સન્માનની સૂચિમાં ન આવે ત્યાં સુધી નામાંકન આવે તે તારીખથી સામાન્ય રીતે એક વર્ષનો સમય લાગે છે. તથ્યો તપાસવામાં અને અન્યની ટિપ્પણીઓ મેળવવા માટે સમય લાગે છે.

**એવા ઘણા બધાઅજાણ્યા નાયકો છેજેઓ સન્માનના હકદાર છે – પરંતુ તેઓને કોઈએનામાંકિત કરવાની જરૂર છે.**

**#આજે જ નામાંકન કરો**